ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને લોન/ સહાય યોજનાઓ માટે ત્રીજા હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.

વર્ષ ૨૦૨૩-૨૪

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/0010/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૭-૧૨-૨૦૨૩

વંચાણે લીધાઃ

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫-૦૪-૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃ SJED/CIE/e- File/17/2022/2946/B Section .
2. આ વિભાગનો તા.૦૨-૦૬-૨૦૨૩નો સમાન ક્રમાંકનો ઠરાવ
3. આ વિભાગનો તા.૧૪-૦૭-૨૦૨૩નો સમાન ક્રમાંકનો ઠરાવ
4. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૪-૧૨-૨૦૨૩નો પત્ર ક્રમાંક: DDCW/0042/12/2023

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં લોન/સહાયની ગ્રાન્ટ પેટે રૂ.૫૦૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી વર્ષ ૨૦૨૩-૨૪નાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૫૦૦૦૦.૦૦ લાખની લોન/સહાયની ગ્રાન્ટ પૈકી ત્રીજા હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે લોન/સહાય યોજનાઓની ગ્રાન્ટ પેટે કરવામાં આવેલ રૂ.૫૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ પૈકી ત્રીજા હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બાર હજાર પાંચસો લાખ પૂરા)ની ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

1. નિગમને વર્ષ ૨૦૨૧-૨૨ સુધીનુ ઓડિટ તાત્કાલિક પૂર્ણ કરાવી વિધાનસભાના મેજ પર મૂકવાની શરતે નાણા વિભાગના

તા.૦૧/૦૭/૨૦૨૨ના પત્ર ક્રમાંક: અપબ/૧૦૨૦૨૨/૧૩૫/ક ના મુદ્દા નં.૩ની સૂચનાઓના અમલમાંથી મુક્તિ આપવામાં આવે છે. હવે પછી ગ્રાન્ટ હવાલે મુકવાની દરખાસ્ત કરતા સમયે નાણા વિભાગના ઉક્ત પત્રની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.
3. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
4. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
5. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
7. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.
9. ગ્રાન્ટ મેળવવાની હવે પછીની દરખાસ્ત સમયે નિગમે ફાળવેલ લોનની રકમ સામે વસુલાતનુ પત્રક પણ સામેલ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૨-૧૨-૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

Ø અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:Ketan Damor
Section officer
Date: 2023.12.27
16:40:01 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ